RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 119, Dt.29-07-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિકસિત ગુજરાતમાં દર ચોથું બાળક કુપોષિત!



## ગ્રોથ એન્જિન ગણાતા ગુજરાતની અવદશાઃ ત્રિપુરા અને ઝારખંડ કરતાં પણ ખરાબ સ્થિતિઃ રાજ્યમાં પાંચ વર્ષથી ઓછી વયના ૩૯.૭૨ ટકા બાળકો કુપોષિતઃ જૂન-૨૦૨૪માં કુપોષણની સૌથી વધુ સમસ્યા હોય તેવા રાજ્યમાં ગુજરાત છઠ્ઠા ક્રમે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતને 'મોડેલ સ્ટેટથ કે નગ્રોથ એન્જિન' જેવા રૂપાળા નામ એપીને વિશ્વ સમક્ષ સુંદર ચિત્ર ભલે રજૂ કરવામાં આવતું હોય. પરંતુ વાસ્તવિક ચિત્ર ખૂબ જ ચિંતા ઉપજાવે તેવું છે. લોકસભામાં તાજેતરમાં રજૂ થયેલા રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ૫ વર્ષથી ઓછી વયના ૩૯.૭૩ ટકા બાળકો કુપોષિત છે. એટલે કે, રાજ્યમાં પ્રત્યેક ચોથું બાળક કુપોષણની સમસ્યા ધરાવે છે. આ ઉપરાંત ૨૧.૩૯ ટકા બાળકોને નિર્ધારીત માપદંડ કરતાં ઓછું વજન હોવાનું સામે આવ્યું છે.

જૂન ૨૦૨૪માં કુપોષણની સૌથી વધુ સમસ્યા હોય તેવા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા સ્થાને હતું. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૪૬.૩૬ ટકા, મહારાષ્ટ્રમાં ૪૪.૫૯ ટકા, આસામમાં ૪૧.૯૮ ટકા બાળક કુપોષિત છે. બાળકોમાં કુપોષણને મામલે ત્રિપુરા, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ જેવા રાજ્યો કરતાં પણ ગુજરાતની સ્થિતિ બદતર છે. બાળકોમાં કુપોષણમાં ગુજરાતની સ્થિતિ સુધરવાનું નામ જ લઇ રહી નથી. વર્ષ ૨૦૨૨માં ૫૧.૯૨ ટકા અને વર્ષ ૨૦૨૩માં ૪૩.૭૮ બાળકો કુપોષિત હતા.

કુપોષણની આ સ્થિતિ દૂર કરવામાં સરકારને જ રસ નથી તેમ જણાય છે. નમિશન પોષણ ૨.૦થ હેઠળ ગુજરાતને છેલ્લા ૩ વર્ષમાં રૂપિયા ૨૮૭૯.૩૦ કરોડનું ફંડ અપાયું છે. તેમાંથી માત્ર રૂપિયા ૧૩૧૦.૨૩ કરોડના જ ફંડનો ઉપયોગ થયો છે. રાજયના બાળકો માત્ર કુપોષણ જ નહીં ઓછા વજનની સમસ્યા પણ ધરાવે છે. ૫ વર્ષ સુધીના ૨૧.૩૯ ટકા બાળકોનું અપૂરતું વજન છે.

# ગુજરાતમાં ચીજવસ્તુઓના ઉંચા ભાવથી વધતો કરબોજ

## જીએસટી કલેકશનમાં વૃધ્ધિ પાછળનું મોટુ કારણ મોંઘવારી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજ પૂરા થયેલા ગત નાણાકીય વર્ષમાં ગુજરાત સરકારને જીએસટી પેટે કુલ ૬૧,૮૧૫ કરોડની આવક થઈ હતી. જ્યારે આ વખતે રાજ્ય સરકારને જીએસટી પેટે કુલ રૂપિયા ૭૪૫૯૭ કરોડની ધરખમ આવક થયાની છે. જે ૨૦૨૩-૨૪ની સરખામણીમાં ૨૦૨૪-૨૫ની જીએસટીની આવકમાં ૧૩,૭૮૨ કરોડ એટલે કે ૨૧ ટકાનો વધારો થવાનો છે.



આ વધારો ગુજરાતમાં પ્રવર્તતી કમરતોડ મોંઘવારીનું પરિણામ હશે. આમ, રાજ્ય સરકાર ભલે એમ કહે કે, તેણે તેના બજેટમાં પ્રજા ઉપર કોઈ વધારાનો ટેક્સ-બોજ વધાર્યો નથી પરંતુ રાજ્યમાં વધતી જતી મોંઘવારીના કારણે દરેક મોંઘી થયેલી ચીજવસ્તુઓની ખરીદી પાછળ દરેક નાગરિકને જે વધારે રકમ ચૂકવવી પડે છે અને તેવી દરેક વધારાની ચૂકવણી તે રાજ્ય સરકારની જીએસટીની આવકમાં વધારો કરનારી સાબિત થાય છે.

અર્થાત એમ કહી શકાય કે, ગમે તે સરકારો ભલે વધતી મોંઘવારી માટે મગરના આંસુ સારતી દેખાય પણ વાસ્તવમાં આવી વધેલી કે વધતી મોંઘવારી દરેક નાગરિકના પોકેટમાંથી વધેલી મોંઘવારી જેટલા વધુ રૂપિયાનો ખર્ચ કરાવે છે અને લોકો દ્વારા થતાં આ વધારાના ખર્ચથી સરકારની જીએસટીની આવકમાં ભારે વધારો કરે છે.''

હાલ દેશમાં ૫.૦૮ ટકા મોંઘવારીના દરની સામે ગુજરાતમાં સરેરાશ ૫.૧૮ ટકા મોંઘવારી છે. જે દેશની સરેરાશ કરતાં પણ વધુ છે. હાલની સ્થિતિએ ગુજરાતમાં કઠોળના ભાવોમાં કુલ સૌથી વધુ મોંઘવારી ૧૬ ટકા જેટલી વધારે છે ત્યારબાદ શાકભાજીના ભાવમાં સરેરાશ ૯.૩૨ ટકાનો વધારો થયો છે.

એવી જ રીતે અનાજ અને તેની બનાવટોના ભાવોમાં સરેરાશ ૮.૭૫ ટકાનો વધારો થયો છે. ખાંડ, આરોગ્ય-શિક્ષણ સહિતની વિવિધ વસ્તુઓ ઉપર પણ ધરખમ ભાવ વધારો થયો છે. આ તમામ વસ્તુઓ સીધી કે આડકતરા વેરા હેઠળ જાય છે અને એટલે વધતી મોંઘવારી રાજય સરકારની આવકમાં બખ્ખાં કરાવી રહી છે.ગુજરાત સરકારને ગત ૨૦૨૨-૨૩ના વર્ષમાં જીએસટી પેટે કુલ ૫૨,૧૫૪ કરોડની આવક થઈ હતી. ૨૦૨૩-૨૪માં જીએસટી પેટે ૬૧,૮૧૫ કરોડની આવક થઈ હતી પરંતુ આ વખતે રાજય સરકારે વધતા ઈનફ્લેશન રેટ-મોંઘવારીના દરને જોતા એવો અંદાજ મૂક્યો છે કે, તેને આ વખતે વર્ષ ૨૦૨૪-૨૫માં જીએસટી પેટે કુલ ૭૪,૫૯૭ કરોડ જેટલી આવક થશે.

# બળાત્કારનો ખોટો કેસ દાખલ કરનાર મહિલા સામે કાર્યવાહી કરવા દિલ્હી કોર્ટનો આદેશ

## મહિલાઓ માત્ર બદલો લેવા દુષ્કર્મની ખોટી ફરિયાદ ન કરી શકેઃ હાઈકોર્ટની ટકોર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બળાત્કારનો ખોટો કેસ દાખલ કરનારી મહિલા સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો પોલીસને આદેશ આપતા દિલ્હીની કોર્ટે ભારપુર્વક જણાવ્યું હતું કે કાયદામાં મહિલાઓને અપાયેલા વિશેષ વિશેષાધિકારોનો અંગત રીતે બદલો લેવાના હથીયાર તરીકે દુરૂપયોગ થવો જોઈએ નહિં. કારણ કે આવા ખોટા આરોપોથી વ્યક્તિના જીવન પ્રતિષ્ઠા અને સામાજીક દરજ્જાને ગંભીર અસર થઈ શકે છે.


રેપ કેસમાં આરોપીની જામીન અરજીની સુનાવણી કરતાં કોર્ટે આ ટીપ્પણી કરી હતી. મહિલાએ ૧૪ જુલાઈએ રેપની ફરીયાદ કરી હતી અને તે પછી આરોપીની ધરપકડ થઈ હતી.જોકે બીજા દિવસે ફરીયાદીએ મેજીસ્ટ્રેટ સમક્ષ કબુલ્યુ હતું કે તે સ્વેચ્છાએ આરોપીની સાથે હોટેલમાં ગઈ હતી અને સહમતીથી જાતિ સબંધ બાંધ્યા હતા.આરોપી સાથે મતભેદ થયા બાદ દારૂના નસામાં અને ગુસ્સામાં તેને બળાત્કારનાં ખોટા આરોપો લગાવ્યા હતા.





કોર્ટે નોંધ્યુ હતું કે મહિલાઓને કાયદા હેઠળ વિશેષ વિશેષાધિકારો અને રક્ષણ આપવામાં આવે છે.ત્યારે આ જોગવાઈઓનો બદઈરાદા માટે અથવા બદલો લેવા માટે દુરૂપયોગ કરી શકાય નહિં. સમાજમાં આવો ટ્રેડ સામાન્ય બની રહ્યો છે. બળાત્કારનાં ખોટા આરોપો માત્ર આરોપીના જીવનને બરબાદ કરતા નથી પરંતુ તેમના પરિવારનાં સભ્યોની પ્રતિષ્ઠા અને સામાજીક દરજ્જાને પણ નુકશાન પહોંચાડે છે.

# ઉત્તર પ્રદેશમાં પૂર, ૩૫૦ ગામ ડૂબ્યાંઃભારે વરસાદના લીધે ૨૪ કલાકમાં ૪નાં મોત







**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. લખીમપુર ખીરી પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત છે. અહીં ૫ તાલુકાઓનાં ૩૫૦ ગામોમાં પાણી ફરી વળ્યાં છે. તેમજ, લલિતપુરમાં વરસાદને કારણે ગોવિંદ સાગર ડેમના વધુ ૪ દરવાજા ખોલવા પડ્યા હતા. પહેલેથી જ ૧૬ દરવાજા ખોલાયા છે. જેના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં.

શનિવારે ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદને કારણે ચાર લોકોના મોત થયા હતા. ઉત્તરાખંડના નવી ટિહરીમાં ભૂસ્ખલનમાં એક માતા અને પુત્રીનું મૃત્યુ થયું હતું, જ્યારે ઉત્તર પ્રદેશના જાલૌન જિલ્લામાં વીજળી પડતાં બે લોકોના મોત થયા હતા.

મહારાષ્ટ્રના પુણેમાં ૨૪ જુલાઈએ ભારે વરસાદમાં તણાઈ ગયેલા ૨૬ વર્ષીય યુવકનો મૃતદેહ શનિવારે મળી આવ્યો હતો. પુણેમાં બુધવારથી અત્યાર સુધીમાં છ લોકોના મોત થયા છે. નવી મુંબઈમાં શનિવારે એક ઈમારત ધરાશાયી થતા ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય બે લોકો ઘાયલ થયા હતા. હવામાન વિભાગે આજે ૨૨ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

ભારે વરસાદનું એલર્ટ- ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, તમિલનાડુ, પુડુચેરી, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, મિઝોરમ, મણિપુર, અરુણાચલ પ્રદેશ.

વાવાઝોડું અને વીજળીની ચેતવણી: મહારાષ્ટ્ર, ગુજરાત, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, મિઝોરમ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, તમિલનાડુ, પુડુચેરી.

હિમાચલ પ્રદેશમાં ચોમાસાની શરૂઆતથી, વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૫૬ લોકોના મોત થયા છે અને રાજ્યને અત્યાર સુધીમાં ૪૧૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, ૨૧ લોકો ઊંચાઈ પરથી પડી જવાને કારણે, ૧૮ લોકો ડૂબી જવાથી, ૮ લોકો સાપના ડંખને કારણે, ૮ ઈલેક્ટ્રિક શોક લાગવાને કારણે અને એક વ્યક્તિ પૂરમાં તણાઈ જવાને કારણે મૃત્યુ પામ્યા હતા. ભૂસ્ખલન કે વાદળ ફાટવાના કારણે કોઈ મૃત્યુના અહેવાલ નથી.

# જમ્મુ-કાશ્મીરમાં ગરમીએ ૨૫ વર્ષનો રેકોર્ડ તોડ્યોઃ કાશ્મીરમાં હીટવેવને કારણે શાળાઓ બંધ

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

એક તરફ દેશભરના અન્ય રાજ્યોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે તો બીજી તરફ જમ્મુ કાશ્મીરમાં હિટવેવની સ્થિતિ છે. જમ્મુ કાશ્મીરમાં ગરમીએ જુલાઈ મહિનાનો ૨૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વાસ્તવમાં કાશ્મીરમાં ભીષણ ગરમી પડી રહી છે. ખીણમાં ઘણી જગ્યાએ ૨૫ વર્ષમાં જૂલાઈમાં સૌથી વધુ તાપમાન રવિવારે નોંધાયું હતું.

આકરી ગરમીના કારણે સ્થિતિ એટલી ખરાબ છે કે બાળકોને તેની અસર ન થાય તે માટે શાળાઓ બંધ રાખવાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. કાશ્મીરના શિક્ષણ વિભાગે ભીષણ ગરમીના કારણે ૨૦ થી ૩૦ જુલાઈ સુધી શાળાઓ બંધ રાખવાનો આદેશ આપ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રવિવારે શ્રીનગર શહેરમાં



મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૯મી જુલાઈ, ૧૯૯૯ના રોજ જ્યારે તાપમાનનો પારો ૩૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો હતો ત્યારથી તે જુલાઈનો સૌથી ગરમ દિવસ હતો.

શ્રીનગરમાં જૂલાઈનો સૌથી ગરમ દિવસ ૧૦ જૂલાઈ ૧૯૪૬ના રોજ નોંધાયો હતો જ્યારે તાપમાનનો પારો ૩૮.૩ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો હતો. દક્ષિણ કાશ્મીરના કાઝીગુંડ અને કોકરનાગ શહેરમાં પણ રવિવારે જુલાઈનો સૌથી ગરમ દિવસ નોંધાયો હતો.

કાઝીગુંડમાં ૩૫.૬ ડિગ્રી સેલ્સિયસનું મહત્તમ તાપમાન નોંધાયું હતું, જે ૧૧ જુલાઈ, ૧૯૮૮ના રોજ નોંધાયેલા અગાઉના સૌથી વધુ ૩૪.૫ ડિગ્રી સેલ્સિયસ કરતાં વધુ હતું. અગાઉ ૧૦ જુલાઈ ૧૯૪૬ના રોજ શ્રીનગરમાં ૩૮.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ પછી ત્રીજું સૌથી વધુ તાપમાન ૯ જુલાઈ, ૧૯૯૯ના રોજ ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને જુલાઈ ૧૯૯૭માં ૩૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.કોકરનાગમાં પારો ૩૪.૧ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો હતો, જ્યારે આ વર્ષે ૩ જુલાઈએ ૩૩.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દક્ષિણ કાશ્મીરના આ શહેરમાં તાપમાનનો પારો માત્ર એક જ વાર ૮ જુલાઈ ૧૯૯૩ના રોજ ૩૩ ડિગ્રીએ પહોંચ્યો હતો. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં કાશ્મીર ઘાટીમાં વિવિધ સ્થળોએ વરસાદની આગાહી કરી છે, જેના કારણે તાપમાનમાં ઘટાડો થવાની આશંકા છે.

# મુખ્યમંત્રી પરિષદની બેઠકમાં રાજ્યોને સુશાસન માટે મિશન મોડમાં કામ કરવા મોદીની શીખ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી ભાજપની મુખ્યમંત્રી પરિષદની બેઠકમાં રાજ્યોને સુશાસન માટે મિશન મોડમાં કામ કરવા માટે કહેવામાં આવ્યું છે. બે દિવસની બેઠકના પ્રથમ દિવસે કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓએ પોતાનું પ્રેઝન્ટેશન પણ આપ્યું છે. તેમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમા સામેલ છે.

લોકસભા ચૂંટણી બાદ ભાજપની મુખ્યમંત્રી પરિષદની આ પ્રથમ બેઠક છે. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત ચૂંટણી જીતવા અને વડાપ્રધાન બનવાનો રેકોર્ડ બનાવવા બદલ ખાસ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે વડાપ્રધાને ભાજપના તમામ મુખ્યમંત્રીઓ અને ડેપ્યુટી સીએમને સુશાસનની દિશામાં મિશન મોડમાં કામ કરવા માટે કહ્યું છે.





રાજ્યોને કહેવામાં આવ્યું કે સરકારની સાતત્યતા અકબંધ છે અને તમારે ચૂંટણી પરિણામોને લઈને હેરાન ન થવું. તમામ આંકડા આપણી લીડના છે અને કેટલીક બેઠકોમાં ઘટાડો આવ્યો છતાં આપણે સમગ્ર દેશમાં આગળ વધ્યા છીએ. તેથી નિરાશ થવાની જરૂર નથી પરંતુ આપણે વધુ ઉત્સાહ સાથે જનતાના વિશ્વાસ પર ખરા ઉતરવાનું છે.

લગભગ ત્રણ કલાક ચાલેલી બેઠકમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગ્રામ સચિવાલય ડિજિટાઈઝેશન અને રાજયની અર્થવ્યવસ્થાને એક ટ્રિલિયન ડલર સુધી લઈ જવા અંગે પોતાનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ રોજગાર અંગે પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ ઉપરાંત બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીએ રાજ્યમાં ગેરકાયદેસર ખનન રોકવા અંગે પ્રેઝન્ટેશન આપ્યું હતું જ્યારે ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ 'દ્વાર પર સરકાર' વિષય પર પ્રેઝન્ટેશન આપ્યું હતું.

બેઠકમાં મુખ્યમંત્રીઓને સંગઠન સાથે વધુ સારી રીતે તાલમેલ અને પૂર્ણ સંકલન સાથે કામ કરવા માટે કહેવામાં આવ્યું છે. કાર્યકર્તાઓને સાથે રાખવા અને તેમનું સન્માન કરવા પણ કહ્યું છે. આ સાથે જ કેન્દ્ર રાજ્યની ફ્લેગશિપ યોજનાઓને સંપૂર્ણ જવાબદારી સાથે લાગુ કરવા માટે કહેવામાં આવ્યું છે.


સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે બેઠક પૂરી થયા બાદ પાર્ટીના એક ટોચના નેતાએ ઉત્તર પ્રદેશના બંને ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રિજેશ પાઠક સાથે અલગથી ચર્ચા કરી અને તેમને આગામી વિધાનસભામાં પેટા ચૂંટણીમાં સંકલન અને તાકાત સાથે જોડાવા માટે કહ્યું છે.

# આવકવેરા રિટર્ન ફાઈલ કરી દેજો, તારીખ લંબાવવામાં નહીં આવે, CBDTએ કરી સ્પષ્ટતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવવામાં આવશે તેવી અપેક્ષા કરદાતાઓ રાખી રહ્યા છે તેથી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના ચેરમેન રવિ અગ્રવાલે સ્પષ્ટતા કરી છે. આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવાની તારીખ ૩૧મી જુલાઈથી આગળ લંબાવવામાં આવશે જ નહીં.

રવિ અગ્રવાલે જણાવ્યું હતું કે આકારણી વર્ષ ૨૦૨૪-૨૫ના રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧મી જુલાઈ છે. ૩૧મી જુલાઈ સુધીમાં જે કરદાતાઓ રિટર્ન ફાઈલ કરવાનું ચૂકી જશે તેમણે લેટ પેમેન્ટ ફી ઉપરાંત દંડ પણ ચૂકવવો પડશે.





તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૬મી જુલાઈ સુધીમાં દેશમાંથી ૫ કરોડ જેટલા કરદાતાઓએ તેમના રિટર્ન ફાઈલ કરી દીધા છે. ૨૫મી જુલાઈએ એક જ દિવસમાં ૨૮ લાખ કરદાતાઓએ તેમના આવકવેરાના રિટર્ન ફાઈલ કરી દીધા હતા.

૨૬મી જુલાઈ સુધીમાં રિટર્ન ફાઈલ કરી દેનારા કરદાતાઓનો તેમણે આભાર માન્યો હતો. જે કરદાતાઓના રિટર્ન ફાઈલ કરવાના બાકી છે તે કરદાતાઓએ તેમના રિટર્ન નિર્ધારિત તારીખ પહેલા ભરી દેવા જોઈએ. છેલ્લી ઘડીએ રિટર્ન ફાઈલ કરવામાં ધસારો ન થાય તે માટે તેમણે સમયસર રિટર્ન ફાઈલ કરી દેવા જોઈએ.

આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવાની ડેડલાઈન ચૂકી જનારા કરદાતાઓએ રુ. ૫૦૦ લેટ ફી તરીકે ચૂકવવા પડશે. જે કરદાતાઓની કુલ ચોખ્ખી આવક રૂ. ૫ લાખથી ઓછી છે તેમણે લેટ ફી તરીકે રૂ. ૧ હજાર ચૂકવવા પડશે. તદુપરાંત વેરાની બાકી ચૂકવવાની રકમ પર વર્ષે ૧૨ ટકા અને મહિને એક ટકાના દરે તેમની પાસેથી વેરાની બાકી રકમ પર વ્યાજ ચૂકવવું પડશે. આવકવેરા ધારાની કલમ ૨૩૪એ હેઠળ વેરાની બાકી ચૂકવવાની રકમ પર દંડ લેવામાં આવી રહ્યો છે.

# જામનગરમાં બે વ્યાજખોરો ઝડપાયા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દાંડિયા હનુમાન મંદિર સામે ભુતનાથ વડાપાઉંનો ધંધો કરતો યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો હતો. જેમાં જુદા જુદા સમયે ૧૫ શખ્સો પાસેથી કુલ આશરે ૪૦ લાખથી વધુની રકમ વ્યાજે લીધી હતી. બાદમાં આશરે ૮૧.૪૪ લાખ ચૂકવી દીધા છતાં આરોપી ધાક ધમકી આપતા તાજેતરમાં ૧૫ વ્યાજખોરો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જે પ્રકરણમાં સંડોવાયેલા વધુ બે આરોપીને પોલીસે પકડી પાડ્યા છે.વ્યાજખોરોના ત્રાસ અંગે જામનગર સીટી બી ડિવિજન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આઈ.પી.સી. કલમ - ૩૮૪,૫૦૪,૫૦૬,(૨)૪૨૭ તથા ગુજરાત નાણા ધીરધારની કલમ ૫,૩૯,૪૦,૪૨ મુજબનો ગુનો દાખલ થયેલ હતો. આ ગુનામાં સંડોવાયેલા આરોપીને શોધી કાઢવા પોલીસ જહેમતશિલ હતી. તેવામાં આરોપી દુષ્યંતસિંહ પૃથ્વીરાજસિંહ ઝાલાને પકડી પકડી પાડયો હતો.પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર જી ફાઇનાન્સના માલિક સામે પણ જે તે વખતે ગુનો નોંધાયો હતો આથી પોલીસ દ્વારા આ પેઢીના સત્તાધીશોની ઊંડી પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં દિવ્યરાજસિંહ જેઠવા નામના શખ્સની સંડોવણી ખોલી હતી. આ શખ્સ હાલ જીફાઈનાન્સ પેઢીમાં કામ ન કરતો હોવાનું પણ બહાર આવ્યું હતું. ત્યારબાદ કંપનીના જવાબદારોના જણાવ્યાં અનુસાર વિગતે તપાસ હાથ ધરતા દીવ્યરાજસિંહ જેઠવા નામનો શખ્સ પોલીસને જપટે ચડયો હતો. આથી પોલીસે તેમને પણ ઉઠાવી લીધો હતો.વધુમાં સાદિકભાઈ સાફિયા નામના શખ્સને પણ પોલીસે પકડી પાડયો છે. આ કામગીરી સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ પી.પી.ઝા તથા પીએસઆઈ ડી.જી.રાજ તથા કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જી.વાઢેર દ્વારા કરવામાં આવેલ છે

# મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસ યોજનાનું કામ વર્ક ઓર્ડર મુજબ કરવામાં આવ્યું નથીઃ કોંગ્રેસ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને પત્ર લખી મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસ યોજનાનું કામ વર્ક ઓર્ડર મુજબ કરવામાં આવ્યું નથી તે અંગે ધ્યાન દોરી પત્ર લખ્યો હતો જેને અનુસંધાને આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સ્થળ ની મુલાકાત લીધી હતી અને ભાજપ સરકાર ભયમુક્ત ભ્રષ્ટાચાર કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, મોરબી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ પુષ્પરાજ સિંહ જાડેજાએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલને પત્ર લખી મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસ યોજનાનું કામ વર્ક ઓર્ડર મુજબ કરવામાં આવ્યું નથી તે બાબતે ફરિયાદ કરતો પત્ર લખ્યો છે જેમાં કોંગ્રેસ શહેર પ્રમુખે જણાવ્યું છે કે શહેરી વિસ્તારને સ્લમ ફ્રી કરવા માટે ગામોગામ મુખ્યમંત્રી આવાસ યોજનાના હેઠળ ક્વાર્ટર બનાવવામાં આવી રહ્યા છે. જે દરમ્યાન મોરબીમાં ૩૩ કરોડથી વધુના ખર્ચે મુખ્યમંત્રી આવાસ યોજનાના કુલ ૧૦૦૮ મકાન બનાવવાની કામગીરી અમદાવાદની ક્રિષ્ના કન્ટ્રકશન કંપનીને વર્ષ-૨૦૧૩ ના ડીસેમ્બર મહિનાથી સોપવામાં આવી હતી. અને માત્ર એક જ વર્ષમાં આ તમામ કવાર્ટર તૈયાર કરી દેવાના હતા. જેનો વર્કઓર્ડરમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો કે આ ૧૦૦૮ પૈકીના ૪૦૦ કવાર્ટર લીલાપર રોડ ઉપર સર્વે નં.૧૧૧૬ માં બનાવવામાં આવ્યા છે અને બાયપાસ ઉપર સર્વે નં.૧૪૧૫ માં મુખ્યમંત્રી આવાસ યોજનાના કુલ મળીને ૬૦૮ કવાર્ટર બનાવવાના હતા. તેની કામગીરી આજની તારીખે પણ પુરી કરવામાં આવી નથી તે બાબતે પ્રદેશ અધ્યક્ષ શકિતસિંહ ગોહિલનું પત્ર લખી ધ્યાન દોરવામાં આવ્યું હતું.

જે બાદ આજે શક્તિ સિંહ ગોહિલ દ્વારા મોરબી ખાતે આવેલ મુખ્યમંત્રી આવાસ યોજનાની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે ૨૦૧૩ માં શરૂ થયેલું કામ હજુ ૧૧ વર્ષે પૂર્ણ થયું નથી અને હજુ કોઈ રહેવા આવી શક્યું નથી.આ ક્વાર્ટર માં પણ ભ્રષ્ટાચાર થયો છે કોંગ્રેસ ની સરકાર હતી ત્યારે હાઉસિંગ ક્વાર્ટર બનાવ્યા હતા આજે એ ક્વાર્ટર જેને મળ્યા હતા તેમની ત્રીજી પેઢી રહે છે છતાં કાંકરી પણ ખરી નથી તેમજ ઠેર ઠેર પાણીના નિકાલ બંધ કરી દેવામાં આવ્યા છે અને પાણીના નિકાલ.માટે કરોડો રૂપિયાના ટેન્ડર બહાર પડે છે અને એ બધા રૂપિયા ખવાય જાય છે એટલે સ્થિતિ ઠેરની ઠેર છે આ રીતે ભાજપ દ્વારા ભયમુક્ત ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે પરંતુ ગુજરાતની જનતા બધું જાણે છે અને ભાજપ સરકારનું અહંકાર તોડશે.

ત્યારે સુરતમાં ડેપ્યુટી મેયર કાદવ કીચડ માં ચાલવાથી બચવા માટે જે ફાયર ઓફીસર ના ખભે ચડી ને ગયા હતા તે બનાવ પર પણ પ્રહારો કર્યા જણાવ્યું હતું કે આ ભાજપનો અહંકાર છે પદાધિકારીઓ હંમેશા વિનમ્ર રહેવું પડે જનતાએ તેને મત આપીને ચૂંટીને મોકલ્યા છે અને સતામાં છે તેની વિશેષ જવાબદારી છે ફાયર ઓફીસર ના ખભા પર ડેપ્યુટી મેયર ચડી જતા હોય કે પગ ને બુટ ન બગડે આ ભાજપની માનસિકતા બતાવે છે.ગુજરાતીઓ આ બધું જોવે છે અને ગુજરાતીઓને પણ વિનંતી કરીશ કે આ બધું બહુ જોયું છે અને હવે કોંગ્રેસ સેવાની સાધના કરવા નીકળી છે હવે ભાજપના અહંકાર ને ગુજરાતની જનતા તોડશે.

# મોરબીમાંથી ગુમ થયેલ હળવદના યુવકની તેના મિત્રએ જ ગળુ દાબી હત્યા કરી લાશ ખેતરમાં દાટી દીધી હતી

## કોહવાય ગયેલ હાલતમાં મળી આવેલ મૃતદેહને રાજકોટ ફોરેન્સિક લેબમાં મોકલાયો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ટ્રાન્સપોર્ટની ઓફીસ ધરાવતા હળવદનો યુવક એક મહિનાથી ગુમ હોય ત્યારે ગુમ થનારના ભાઈ દ્વારા તેના મિત્ર સામે અપહરણની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે છેલ્લે મિત્રને આપેલા ઉછીના રૂપિયા લેવા વાવડી રોડ સ્થિત મિત્રની ઓફિસે ગયો હોય જ્યાં રૂપિયા પાછા ન આપવા પડે એટલા માટે પૂર્વ આયોજિત કાવતરું રચી મિત્રએ જ મિત્રની ગળુ દાબીને હત્યા કરી નાખી તેની લાશ માણેકવાડા ગામના ખેતરના શેઢે ખાડો કરી દાટી દીધી હોવાની પોલીસ રિમાન્ડમાં રહેલ આરોપીએ કબુલાત આપતા જ્યાંથી ગુમ થનારની કોહવાઈ ગયેલ હાલતમાં લાશ બહાર કાઢી ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ મોકલી આપવામાં આવી છે. હજુ સુધી હત્યા અંગેની સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

હળવદની આસોપાલવ સોસાયટીમાં રહેતા શૈલેષભાઈ રમેશભાઈ કૈલા ઉવ.૪૦એ આરોપી જીતેન્દ્ર આયદાનભાઇ ગજીયા રહે. મોરબી ભક્તિનગર-૧ મૂળરહે.ખાખરળા વિરુદ્ધ તેના નાનાભાઈ જીતેન્દ્રભાઈ રમેશભાઈ કૈલાના અપહરણની ફરિયાદ નોંધાવેલ જણાવ્યું હતુંકે ગત ૨૦ જૂનના બપોરના ૨ વાગ્યાની આસપાસ મોરબીના નાની વાવડી ગામ પાસે આવેલ સતનામ કોમ્પલેક્ષમાં આરોપીની ઓફીસે તેને ઉછીના આપેલા આઠ લાખ રૂપિયા લેવા માટે ગયો હતો અને ત્યાર બાદ મૃતકની પત્નીના મોબાઈલ ફોન ઉપર મૃતકના મોબાઇલ નંબરમાંથી વિડીઓ કોલ આવ્યો હતો અને ત્યાર પછીથી ફરિયાદી શૈલેષભાઇના ભાઈ જીતેન્દ્રભાઈ કૈલા ગુમ થઈ ગયેલ છે જે ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી તેની અટક કરી તેની રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા.

ત્યારે સમગ્ર હત્યા કેસની મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાંથી મળતી માહિતી અનુસાર હળવદના આસોપાલવ સોસાયટીમાં રહેતા જીતેન્દ્રભાઈ રમેશભાઈ કૈલા મોરબીના ટીંબડી પાસે જે.આર. રોડલાઇન્સ ટ્રાન્સપોર્ટની ઓફીસ ધરાવે છે. ત્યારે તેના કહેવાતા મિત્ર જીતેન્દ્રભાઈ આયદાનભાઈ ગજીયાને જીતેન્દ્રભાઈ કૈલાએ ધિરાણ માટે ૮ લાખ રૂપિયા અને જમીન લેવા માટે સોદાખતના ૧૦ લાખ રૂપિયા આપ્યા હોય જે રૂપિયા પરત ન આપવા પડે એટલા માટે જીતેન્દ્ર ગજીયાએ મિત્રનું કાસળ કાઢી નાખવા પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. જેમાં જીતેન્દ્રભાઈ કૈલા પોતે આપેલ રૂપિયા પરત લેવા ગત તા. ૨૦/૦૬ના રોજ આરોપી જીતેન્દ્ર ગજીયાની વાવડી રોડ સતનામ કોપ્લેક્ષની ઓફિસે ગયા ત્યારે આરોપીએ જીતેન્દ્રભાઈની પત્નીને વિડીયો કોલ કરીને કહ્યું કે ઉછીના લીધેલ રૂપિયા પરત કરું છું ત કહી કોલ કટ કરી જીતેન્દ્રભાઈનું ગળુ દાબીને હત્યા નિપજાવી હતી. બાદમાં પોલીસને ગેરમાર્ગે દોરવા જીતેન્દ્રભાઈનું બાઇક હત્યારો પોતે તેનું હેલ્મેટ પહેરીને ઓફિસેથી માંડલ ગામે રેઢું મૂકીને પરત તેની ઓફિસે આવી ગયો હતો. ત્યારબાદ રાત્રીના સમયે આરોપીએ જીતેન્દ્રભાઈની લાશ મોરબી તાલુકાના માણેકવાડા ગામે ખેતરના શેઢે દાટી દીધી હતી. રિમાન્ડ દરમિયાન આરોપી દ્વારા કબુલાત આપી હતી.

ઉપરોક્ત કબુલાત પોલીસ સમક્ષ આપતા આરોપીના જણાવ્યા અનુસારના સ્થળે માણેકવાડા ગામે તપાસ કરતા જ્યાં ખેતરના શેઢે જમીનમાં દાટેલ જીતેન્દ્રભાઈ કૈલાનો કોહવાઈ ગયેલ હાલતમાં મૃતદેહ બહાર કાઢી પ્રથમ મોરબી સિવિલ બાદ હત્યાનું સાચું કારણ જાણવા મૃતદેહને રાજકોટ ફોરેન્સિક લેબમાં મોકલી આપવામાં આવ્યો છે. હાલ હજુ સુધી હત્યાના આ કેસની સત્તાવાર એફઆઈઆર નોંધાઈ ન હોય.

# મોરબીની સાર્થક વિદ્યામંદિર શાળામાં આચાર્ય અને શિક્ષકો માટે પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આવેલ સાર્થક વિદ્યામંદિર શાળા સમયલક્ષી શિક્ષણને ધ્યાનમાં લઈને વિવિધ પ્રકારના પ્રશિક્ષણ માટે હંમેશા કાર્યશીલ હોય છે. ત્યારે ગઈકાલ તા.૨૮જુલાઈને રવિવારના રોજ સાર્થક વિદ્યામંદિર શાળામાં રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત એવા બનાસકાંઠા જીલ્લાના વડાલીના શિક્ષક પ્રકાશભાઈ સુથારના વડપણ હેઠળ શિક્ષકો તેમજ આચાર્ય માટેના પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબીમાં સાર્થક વિદ્યામંદિર દ્વારા જુના તેમજ નવા આચાર્યોને શિક્ષણવિધ કાર્યની સંપૂર્ણ માહિતી મળી રહે તે હેતુથી પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે ગઈકાલ ૨૮ જુલાઈ ને રવિવારે સવારે ૮ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી સાર્થક વિદ્યામંદિર ખાતે આચાર્ય પ્રશિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષક તાલીમ કાર્યક્રમના વકતા(પ્રશિક્ષક) તરીકે પ્રકાશભાઈ સુથાર વડાલી(બનાસકાંઠા) હતા. કે જેઓને વર્ષ ૨૦૨૦માં સર્વોચ્ચ શિક્ષકના રાષ્ટ્રપતિ એવોર્ડ સહિત શિક્ષણવિદતરીકેના અનેક એવોર્ડ પ્રાપ્ત કરેલ છે તેમજ શિક્ષણના અનેક પુસ્તકો લખ્યા છે. ત્યારે વક્તા પ્રકાશભાઇ માર્ગદર્શન હેઠળ ગણિત, વિજ્ઞાન તથા ભાષાના વિષયો વિદ્યાર્થીઓને સરળ અને શ્રેષ્ઠ રીતે ભણાવવાની રીત તેમજ શિક્ષણમાં અવનવા નવતર પ્રયોગો વિશે તેમજ વેસ્ટ અને હાથવગી વસ્તુઓનો પ્રયોગાત્મક સાધનો તરીકે ઉપયોગ વિશે માહિતગાર કરી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાર્થક વિદ્યામંદિરના નર્સરીથી ધોરણ ૮ ના શિક્ષકો તેમજ શાળાના વ્યવસ્થાપન ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેર બાયપાસ પાસે આવેલ પુલ મધ્યભાગમાંથી બેસી ગયો,માર્ગ-મકાન વિભાગ દ્વારા વાહનોની અવર-જવર બંધ કરાઈ





**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર બાયપાસ પાસે રાતીદેવડી અને પંચાસર રોડને જોડતો મચ્છુ નદી ઉપર બાંધેલ પુલ વચ્ચેથી બેસી ગયાનું સામે આવતા તુરંત માર્ગ મકાન હળવદની ટીમ દ્વારા આ પુલ ઉપર તત્કાલિકના ધોરણે વાહન વ્યવહારની અવર જવર બંધ કરી દેવામાં આવી છે. આ સાથે જોખમી બનેલા પુલની જાણ ગાંધીનગર મુખ્ય કચેરીને કરતા ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓ દ્વારા પુલની ચકાસણી કરી આગળના નિર્ણય લેશે તેમ માર્ગ મકાન વિભાગ હળવદ ટીમના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર વાંકાનેરના જડેશ્વરથી નેશનલ હાઈવેને જોડતા વાંકાનેર બાયપાસ રોડ કે જે રાતીદેવડી અને પંચાસરને જોડતો મચ્છુ નદી ઉપરનો પુલ વર્ષ ૨૦૦૦માં નિર્માણ પામ્યો હતો. જે પુલ હાલ તેના મધ્યભાગમાંથી અચાનક બેસી ગયો હોવાનું સામે આવતા માર્ગ મકાન વિભાગને જાણ કરવામાં આવી હતી ત્યારે માર્ગ મકાન વિભાગ હળવદની ટીમના સંદીપ કડીવાર સહિતની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ચકાસણી કરી જેનો પ્રાથમિક રિપોર્ટ ગાંધીનગર મુખ્ય કચેરી ખાતે મોકલી આપવામાં આવ્યો છે. ત્યારે હાલ પુલની બંને સાઈડ આડસ ઉભી કરીને આ પુલ ઉપર વાહનોની અવર-જવર તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવી છે. સ્થળ ઉપર પહોંચેલી માર્ગ મકાનની ટીમ દ્વારા પુલની પ્રાથમિક ચકાસણીમાં પુલ ઉપર સતત ભારેથી અતિભારે વાહનો પસાર થાય છે તેના કારણે આ પુલ તેના મધ્યભાગમાંથી બેસી ગયો હોવાનું જણાવ્યું હતું. હાલ તો માર્ગ મકાન વિભાગની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતેના ઉચ્ચ અધિકારીઓની ટીમ આવી પુલની સંપૂર્ણ ચકાસણી કરીને આગળના નિર્ણય લેશે.

# મોરબીના નાની વાવડી રોડ ઉપર છોટાહાથીની ઠોકરે બાઇકની પાછળ બેઠેલા યુવકનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાવડી રોડ ઉપર પુરપાટ ગતિએ આવતા ટાટા કંપનીના છોટાહાથી વાહને બાઇક સવાર બે યુવકને ટક્કર મારતા બાઇકની પાછળની સીટમાં બેસેલ યુવક નીચે પડી જતા માથામાં ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું. જયારે અકસ્માતની આ ઘટનામાં છોટાહાથી વાહનનો ચાલક અકસ્માત સર્જી પોતાનું વાહન સ્થળ ઉપર રેઢું મૂકી નાસી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના નાનીવાવડી રોડ ઉપર ન્યારા પેટ્રોલપંપની બાજુમાં પુરઝડપે અને બેફિકરાઈથી રોડ ઉપર ચલાવી આવતા ટાટા કંપનીના બ્લુ કલરના છોટાહાથી રજી.નં. જીજે-૩૬-વી-૦૯૭૩ના ચાલકે રોડ ઉપર આગળ જઈ રહેલા બાઇક રજી.નં.આરજે-૨૧-ડીએસ-૫૭૨૧ને હડફેટે લેતા બાઇકમાં સવાર બે યુવક પૈકી પાછળની સીટમાં બેસેલ મૂળ રાજસ્થાનના રાજેન્દ્રસિંહ ભાટી નામનો યુવક નીચે રોડ ઉપર પટકાયો હતો, જેથી તેને માથામાં અને છાતીના ભાગમાં ગંભીર ઇજાઓ પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી છોટાહાથીનો ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર મૂકીને નાસી ગયો હતો. ત્યારે સમગ્ર અકસ્માત અંગે મૃતકના પિતરાઈ ભાઈ બાઇક ચાલક ઉમેદસિંહ લક્ષ્મણસિંહ ભાટી ઉવ.૩૦ રહે.સલોગન વેલા સોસાયટી લતીપર તા.ટંકારા મુળ રહે.કુરડાયા ગામ રાજસ્થાનની ફરિયાદના આધારે પોલીસે છોટાહાથી ચાલક સામે ગુનો નોંધી તેને પકડી પાડવા આગળની તપાસ ચલાવી છે.

# જામનગર શહેર અને જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા વ્યાજખોરીના દૂષણને નિયંત્રણમાં રાખવા માટે અલગ અલગ વિસ્તારોમાં લોકદરબાર યોજાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા વ્યાજ ખોરી ના દૂષણને નિયંત્રણમાં રાખવા માટે અલગ અલગ વિસ્તારોમાં લોક દરબાર.જામનગર શહેર અને જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા વ્યાજ ખોરી ના દૂષણને નિયંત્રણમાં રાખવા માટે અલગ અલગ વિસ્તારોમાં લોક દરબાર યોજવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં મયુર નગર વામ્બે આવાસમાં પણ શહેર વિભાગના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા ની અધ્યક્ષતામાં લોક દરબાર યોજવામાં આવ્યો હતો.જામનગરના સીટી,સી .પો.સ્ટે વિસ્તારમા મયુરનગર વામ્બે આવાસ પાસે ડી.વાય.એસ.પી. જે.એન.ઝાલા તથા પીઆઇ જે.વી.ચૌધરી,તેમજ પી.એસ.આઈ. વી.બી.બરબસિયા તથા પોલિસ સટાફ દ્વારા ગેરકાયદેસર વ્યાજવસુલાત કરતા ઇસમો વિરુદ્ધ ફરિયાદોના નિકાલ અંગે લોકદરબાર યોજવામાં આવ્યો હતો.જેમા આસપાસના વિસ્તાર ના આશરે ૨૦૦ જેટલા નાગરિકો હાજર રહ્યા હતા અને પોતાના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. પોલીસ તંત્ર એ પણ વ્યાજ વટાવ ની પ્રવૃત્તિ સંબંધે કોઈ ફરિયાદ હોય તો જાણકારી આપવા જણાવ્યું હતું.જામનગરના પંચકોષી બી-ડિવિઝન પોલીસ સ્ટેશન અને જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન (દરેડ) દ્વારા પ્લોટ નં.૯૦, જી.આઈ.ડી.સી. એસોસીએશન ઓફીસમાં ગેરકાયદેસર વ્યાજ વસુલાત કરતા ઈસમો વિરુધ્ધની ફરીયાદોના નિકાલ કરવાના ભાગરૂપે તથા પોલીસ વિભાગને લગત અન્ય પ્રશ્ન અંગે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના નેતૃત્વ હેઠળ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ લોકદરબારમાં જામનગર ગ્રામ્યના ડી.વાઈ.એસ.પી. રાજેન્દ્ર દેવધા તેમજ પંચકોષી બી. ડિવિઝન (દરેડ)ના પી.એસ.આઈ. સી.એમ. કંટેલીયા હાજર રહ્યા હતા અને જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશનના પ્રમુખ દિનેશભાઈ એમ.ડાંગરીયા તેમજ લઘુઉદ્યોગ ભારતી જામનગરના પ્રમુખ રાજેશભાઈ આર. ચોવટીયા અને અન્ય હોદેદારો તથા કારોબારી સભ્યો અને બહોળી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ દ્વારા વ્યાજ વસુલાત અને અન્ય અસામાજીક તત્વો દ્વારા કોઈપણ રીતે હેરાનગતિ થતી હોય તો તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં શેહ શરમ રાખ્યા વિના જાણ કરવા અપીલ કરી હતી, અને તેની ઉપર કડક કાર્યવાહી કરી વ્યાજખોરોના ચુંગાલ માંથી મુકત કરવાની ખાતરી આપી હતી.

# ગોંડલ રોડ પર એસ.ટી. બસના ચાલકે હડફેટે લેતા મહિલાનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ગોંડલ હાઇવે પર રસૂલપરા ગેટ પાસે નોકરીએ જતી મહિલાને એસ. ટી. બસના ચાલકે અડફેટે લેતાં તેનુ ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બનાવને પગલે આજીડેમ પોલીસે ચાલક સામે જરુરી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ વાવડી નજીક આવેલા રસૂલપરામાં રહેતી ૩૫ વર્ષિય મરિયમ હનીફભાઈ મકરાણી નામની પરિણીતા ગઈકાલે સવારે ૮ વાગ્યે શાપર કારખાનામાં નોકરીએ જતી હતી. તે દરમીયાન રસ્તો ક્રોસ કરતી વેળાએ રાજકોટ-બગસરા રૂટની એસી. ટી. બસના ચાલકે મહિલાને અડફેટે લેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં તેણીએ ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો.

બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી એસ.ટી. બસના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# સુરતમાં વિઠ્ઠલભાઈ રાદડીયાની પાંચમી પુણ્યતીથી નિમીતે મહા રક્તદાન કેમ્પ તેમજ સર્વરોગ નિદાન કેમ્પ યોજાયા





**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** સુરત શહેરના મોટા વરાછા કોમ્યુનીટી હોલ ખાતે જામકંડોરણા તેમજ જેતપુર તાલુકા પરીવાર તેમજ સમસ્ત રાદડીયા પરીવાર દ્વારા પરમવંદનીય શ્રી વિઠલભાઈ રાદડીયાની પાંચમી પુણ્યતીથી નિમીતે યોજાયેલ મહા રક્તદાન કેમ્પ તેમજ સર્વરોગ નિદાન કેમ્પમા યોજાયો હતો.

આ કાર્યક્રમમા વૈષ્ણવાચાર્ય પૂ.કનૈયાલાલજી મહોદયશ્રી,મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મેયર દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા, વસંતભાઈ ગજેરા, અલ્પેશભાઈ કથીરીયા, પરસોતમભાઈ ગજેરા,વી.ડી.ઝાલાવડીયા તેમજ આગેવાનો વિશેષ ઉપસ્થીત રહેલ હતા.

આ રક્તદાન કેમ્પમા રક્તદાન કરનાર સૌ રક્તદાતાઓ તેમજ આયોજક મિત્રોને હદયપુર્વકના અભિનંદન સહ શુભકામનાઓ જયેશ રાદડીયા પાઠવી.

# જીવંતીકાનગરમાં મહિલાના ઘરમાં ઘુસી નામચીન શખ્સ સહિતની ત્રિપુટીએ મચાવ્યો આતંક

## પ્રેમ પ્રકરણમાં કુખ્યાત શખ્સે છરીથી હુમલો કરી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામના જીવંતિકા શેરી નં-૬માં રહેતી મંજુલાબેન અગ્રાવત નામની મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં કૂખ્યાત કાનો ટિકિટ તથા તેની સાથે આવેલા અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવી છે જેમાં ફરિયાદીની પૌત્રી એના અગ્રાવત સાથે અગાઉ કાના ટિકીટને પ્રેમ સંબંધ થયો હોય અને બાદમાં એના એ આ સંબંધ તોડી નાખતા કાનો ઉશ્કેરાયો હતો અને રાત્રીના કારમાં તેના સાગરીતો સાથે ધસી આવ્યો હતો બાદમાં ઘરના દરવાજા તોડી એના કયાં છે કહી છરી વડે હુમલો કર્યો હતો.

બાદમાં મકાનની બહાર રહેલા વાહનોમાં તોડફોડ કરી ફરીયાદી તેમજ તેની પૌત્રી એના અગ્રાવતને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટયા ઢીકાપાટૂનો માર તેમજ છરી પેટમાં મારી દીધેલ હોવાથી પૌત્રી એના ઈજાગ્રસ્ત થતાં તાત્કાલીક સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાંથી સારવાર લઈ બાદમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગૂનો નોંધી આ ત્રિપૂટીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

# રેલનગરના વેપારીને રૂ.૬.૭૦ લાખ વ્યાજે આપી ત્રણ વ્યાજખોરોએ રૂ.૨૭ લાખ પડાવ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રેલનગરમાં આવેલ શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપમાં રહેતા વેપારીને પોણા સાત લાખ વ્યાજે આપી ત્રણ શખ્સોએ રૂ.૨૭ લાખ પડાવી લેતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રેલનગરમાં રહેતો અને ભાગીદારીમાં ડેરીનો વ્યવસાય કરતો નિલેશ શાંતિભાઈ હિડોચા નામના વેપારીએ પ્ર.નગર પોલીસમાં રામનાથપરાના મોહસિન ઉર્ફે એહજાદ ઉર્ફે બાબર રજાક બ્લોચ તથા શિવરાજસિંહ અને સાહરૂખ તથા સાહિલ સહિત ચાર શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, તેના ભાગીદાર ભાર્ગવભાઈ અને યુવાને સાથે મળી ધંધા માટે રૂ.૬.૭૦ લાખ દૈનિક વ્યાજે ઉપરોક્ત શખ્સો પાસેથી લીધા હતા અત્યાર સુધીમાં આ શખ્સોએ રૂ.૨૭ લાખ બળજબરીથી વસુલ કરી લીધા બાદ વધુ છ લાખની પઠાણી ઉઘરાણી કરી ક્રેટા કાર અને બે મોબાઈલ પડાવી લઈ ધમકી આપતા હોય જેથી પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઈ જે.જી.તેરૈયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી વ્યાજખોરોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# શિવશક્તિ સેવાદળ વઢવાણ દ્વારા ૧૧મો વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી શિવશક્તિ સેવાદળ,ગણપતિ ફાટસર અને શકિતનગર વઢવાણ દ્વારા તેજસ્વી તારલાઓ ને સન્માનિત કરવાનો ૧૧ મો સન્માન સમારોહ તા.૨૧ જુલાઈ રવિવારે ગુરુપૂર્ણિમાના પાવન દિવસે યોજવામાં આવ્યો. જેમાં માર્ચ ૨૦૨૪ માં લેવાયેલ ધો.૧૦ એસ.એસ.સી. પરીક્ષા અને ધો.૧૨ હાયર સેકન્ડરી સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચતમ ગુણ મેળવીને ઉત્તીર્ણ થયેલા તેજસ્વી તારલાઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ગણપતિ ફાટસર સરકારી પ્રાથમિક શાળામાં યોજાયેલ વિદ્યાર્થી સન્માન સમારંભ કાર્યક્રમમાં ઉદઘાટક ડો.ડી.કે.વાઢેર સાહેબ (નિવૃત્ત સિવિલ સર્જન) અને પ્રમુખસ્થાને પ્રો. ડો.કુમારપાળ આહીર (નિવૃત્ત પ્રોફેસર,કોમર્સ કોલેજ) મુખ્ય મહેમાન પી.એલ.મકવાણા (એન્જિનિયર માં.મ.), નિવૃત્ત મામલતદારશ્રી વી. બી.મકવાણા, શ્રી ભાવિન મકવાણા ટી.ડી.ઓ. સાયલા,શ્રી નેમેષ ચાવડા (એ.આર.ટી.ઓ.) વગેરે. મહેમાનોના હસ્તે વિદ્યાર્થીઓને શિલ્ડ, પ્રમાણપત્ર, બોલપેન, ફાઈલ, ફુલ્સકેપ નોટબુક અને પુરસ્કાર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન અને બિરદાવવાના પ્રસંગે શિલ્ડ અને પ્રમાણપત્રના દાતા વી.ટી.ચાવડા, ફાઈલના દાતા ટી.એલ.સોલંકી, નોટબુક દાતા તુલસીભાઈ પારઘી,બોલપેન દાતાશ્રી બી.ડી.મકવાણા, અલ્પાહાર દાતા બી.પી.ચાવડા, ફુલહાર અને પુષ્પગુચ્છ દાતા નિલેશભાઈ સોલંકી, સાઉન્ડ અને મંડપ દાતા શાંતિલાલ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

સતત ૧૧ વર્ષથી યોજાતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સેવાદળના પ્રમુખ સી.ડી.પરમાર, ઉપપ્રમુખ ખુશાલભાઈ પરમાર, મંત્રી વિનોદભાઈ મકવાણા, સહમંત્રી એન.જે.ચૌહાણ, પૂર્વ પ્રમુખ જશુભાઇ સોલંકી અને કારોબારીના તમામ સદસ્યોએ જહેમત ઉઠાવી હતી.

# જામનગરના ખંભાલીડા ગામમાં ઈંગ્લીશ દારૂની ૫૨ બોટલ સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના ખંભાલીડા ગામમાં ઈંગ્લીશ દારૂની ૫૨ બોટલ સાથે એક શખ્સ ઝડપાયો જામનગરના ખંભાલીડા ગામમાં દરોડો પાડી પોલીસે ઈંગ્લીશ દારૂની ૫૨ બોટલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. જ્યારે દારૂ પૂરો પાડનારા શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી છે.જામનગર તાલુકાના ખંભાલીડા ગામમાંથી પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન હતો. ત્યારે પોલીસને ચોક્કસ બાતમી મળતા તે ખંભાલીડા ગામમાં પ્લોટ વિસ્તારમાં સરકારી સ્કૂલ પાછળ ઇંગ્લિશ દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. ત્યારે પોલીસ સ્ટેશન સ્ટાફના નિર્મલસિંહ જાડેજા અને ફિરોજ ખફી તેમજ ચેતન ધાધરેટીયા ચોક્કસ હકીકત મળતાની સાથે દરોડો પાડ્યો હતો. તે દરમિયાન ખંભાલીડા ગામ પ્લોટ વિસ્તારમાં સરકારી સ્કૂલ પાછળથી ૫૨ નંગ વિદેશી દારૂની બોટલો સાથે એક શખ્સને દબોચી લીધો હતો.જેમાં કર્મદીપસિંહ ઉર્ફે ધગો ઘનશ્યામસિંહ જાડેજા રહે. ખંભાલીડા ગામ મોટા વાસ જામનગર ના કબજા માંથી ૫૨ નંગ ઇંગ્લિશ દારૂ કિંમત રૂપિયા ૨૬,૦૦૦ નો મુદ્દા માલ કબજે કરી આગળની કાર્યવાહી ધરી હતી. તેમજ ઇંગલિશ દારૂ ના જથ્થો વિશ્વરાજસિંહ જાડેજા રે નાની લાખાણી ગામના એ પૂરો પાડ્યો હતો. વિશ્વરાજસિંહ ઉર્ફે વિસુ જાડેજા ને પોલીસ દ્વારા ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી છે અને એકબીજાને મદદ કરીને ગુનો કરતા હતા ત્યારે આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન હેઠળ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# વાંકાનેરના તિથવા ગામ નજીક વાડીમાં છુપાવેલ વિદેશી દારૂ-બિયરનો જંગી જથ્થો ઝડપાયો

## પોલીસે ૫૭૬ નંગ બોટલ-ટીન સહિત ૨.૦૮ લાખ કરતા વધારેનો મુદ્દામાલ કબ્જે કર્યો,આરોપી રાજકોટના વાડી-માલિકની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમે વાંકાનેર તાલુકાના તિથવા ગામની સીમમાં આવેલ વાડીએ પૂર્વ બાતમીને આધારે રેઇડ કરી વાડીની ઓરડીમાં છુપાવેલ વિદેશી દારૂ-બિયરની પેટીઓ નંગ-૪૪ જેમાં બોટલ અને ટીનના ૫૭૬ નંગ મળી આવ્યા હતા. જ્યારે પોલીસના દરોડામાં આરોપી વાડીનો માલિક હાજર મળી આવેલ ન હોય જેથી તેની વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનાની નોંધ કરાવી આરોપીને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી એલસીબી પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમને



સયુક્તમાં ખાનગીરાહે હકિકત મળેલ કે વાંકાનેર તાલુકાના તિથવા ગામની સીમમાં રાતીદેવળી વાળા રસ્તે કુબા પાસે આવેલ ઇલુભાઇ સંધીએ પોતાની વાડીની ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવા ઉતારેલ છે. જે મળેલ હકિકત આધારે રેઇડ કરતા પોલીસને સ્થળ ઉપરથી વિદેશી દારૂની અલગ અલગ બે બ્રાન્ડની ૪૮૦ બોટલ તથા બિયરના ૯૬ ટીન જેની કુલ કિ.રૂ.૨,૦૮,૭૪૦/-નો મુદ્દામાલ મળી આવતા તેને કબ્જે કરવામાં આવ્યો હતો. આ સાથે આરોપી ઇલુભાઇ સંધી રહે.રાજકોટવાળો દરોડા દરમિયાન સ્થળ ઉપર હાજર મળી ન આવતા તેને ફરાર દર્શાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સફાઈ કામદારોના પ્રશ્ને લડતા પારસ બેડીયાને નાત બહાર કરવા વાલ્મીકી સમાજ દ્વારા ઠરાવ કરાયો



છેલ્લા ઘણા સમયથી સફાઈ કામદારોના પ્રશ્ને લડત ચલાવતા વાલ્મીકી સમાજના અગ્રણી પારસ ભરત બેડીયાને તેમજ અન્ય તેમના પરિવારના સભ્યોને વાલ્મીકી સમાજ દ્વારા નાત બહાર કરવા એક ઠરાવ કરાયાની અખબારી યાદી મોકલવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, પારસ બેડીયા વાલ્મીકી સમાજના સફાઈ કામદારોને નુકસાન થાય તેવા પગલા ભરી રહેલ છે. તેમજ બીજા સમાજના અગ્રણીઓના ઈશારે સફાઈ કામદારની ભરતીમાં અવરોધ થાય તેવા કામ કરી રહ્યા છે. જેથી વાલ્મીકી સમાજ રાજકોટ દ્વારા એવો ઠરાવ કરાવમાં આવ્યો છે કે, તેઓનો પરિવાર, મોહન ભનુ નૈયા પરિવાર તેમજ ગીતા જયેશ ચૌહાણ પરિવારને નાત બહાર કરીએ છીએ. સમાજના કોઈ પણ વ્યક્તિએ તેઓની સાથે કોઈપણ જાતનો વ્યવહાર રાખવો નહીં. તેમ વાલ્મીકી સમાજના ઠરાવમાં જણાવ્યું હોવાનું અખબારી યાદીમાં જણાવાયું છે.

# સફાઈ કામદારોના પડતર પ્રશ્નો બાબતે વાલ્મીકી સંકલન સમિતિએ કરી રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મનપામાં કામ કરતા સફાઈ કામદારોના પડતર પ્રશ્નો બાબતે રાજકોટ વાલ્મીકી સંકલન સમિતિએ રજૂઆત કરી હતી. તેમાં જણાવ્યું હતું કે, ગત તા.૨ માર્ચ ૨૦૧૯ની મનપાની સામાન્ય સભામાં ૪૪૧ કામદારોની ભરતી માટે ઠરાવ કરવામાં આવે પરંતુ હજુ સુધી તેનો અમલ થયો નથી. વધુમાં સફાઈ કામદોની સ્વૈચ્છીક નિવૃતિ તેમજ રાજીનામા બાબતે પણ જટીલ નિયમોને કારણે મુશ્કેલી સર્જાય છે. શહેરના જામનગર રોડ પર સરભંગનગર પ્લોટ નં.૬૨૬ ના રહેવાસીઓ માટે વૈકલ્પિક જગ્યા આપવા માટે કલેક્ટરને ભલામણ કરવામાં આવી હતી. જેનો પણ અમલ થયો નથી. આ સીવાય બીજી અનેક બાબતોએ સંકલન સમિતિ દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું હતું.

# ઓનલાઈન કોપરની ખરીદીના બહાને વેપારી સાથે રૂા.૪.૯૩ લાખની ઠગાઈ

## સાયબર ક્રાઈમ પોલીસે અરજદારોએ ગુમાવેલા નાણાં પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વેપારએ ઓનલાઈન કોપરની ખરીદી કરવા જતાં રૂ.૪.૯૩ લાખ ગુમાવ્યા હતા. અને એક યુવકે ઈન્સ્ટાગ્રામમાં એક અજાણી લીંકમાં ક્લિક કરતાં તેની સાથે સાયબર ગઠિયાએ વાત કરી પૈસા કમાવવાની લાલચ આપી ૭૦ હજારનું ફ્રોડ કર્યું હતું. જે મામલે ફરિયાદ થતાં સાયબર પોલીસે બંનેને ફ્રોડમાં ગુમાવેલી રકમ પરત અપાવી છે.

રાજકોટમાં રહેતા વેપારીએ ઓનલાઈન કોપરની ખરીદી કરવા માટે ગૂગલમાં સર્ચ માર્યું હતું. અને એક લિન્ક પર તેમને ઓર્ડર કર્યો હતો. જેમાં ઓનલાઈન ૪.૯૩ લાખનું પેમેન્ટ પણ કર્યું હતું, પરંતુ ઘણા સમય બાદ પણ કોઈ માલની ડિલેવરી ન થતાં તેમની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતાં ફરિયાદ નોંધાવતા આ મામલે પોલીસે પૂરેપૂરી ફ્રોડમાં ગુમાવેલી રકમ પરત અપાવી હતી. ભાર્ગવ ધીરુભાઈ માવદિયા નામના યુવકને ઈન્સ્ટાગ્રામમાં એક લિંક જોવા મળી હતી. જેમાં ઓછા પૈસાનું રોકાણ કરી વધુ વળતર મળી શકે તેવું વાચતાં તેમાં પોતે ૭૦ હજારનું રોકાણ કર્યું હતું.અને સામે કોઈ વળતર કે મૂળ રકમ પણ પરત ન આવતા તેને સાયબર પોલીસમાં ફરિયાદ રકમ પરત અપાવતા બન્ને અરજદારોએ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.

# મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ શક્તિનગર સોસાયટીમાં જાહેરમાં જુગાર રમતા ચાર ઝબ્બે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા મોરબી-૨ માં કાવેરી સીરામીક પાછળના ભાગમાં આવેલ શક્તિનગર સોસાયટીમાં બાતમીને આધારે દરોડો પાડતા જાહેર શેરીમાં જુગાર રમી રહેલા ચાર ઇસમોને પકડી લેવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર મોરબી બી ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમ સામાકાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે મળેલ બાતમીને આધારે કાવેરી સીરામીક પાછળ આવેલ શક્તિનગર સોસાયટીની શેરીમાં રેઇડ કરતા જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમી રહેલા પરસોતમભાઇ હમીરભાઇ શેખા ઉવ.૨૫ રહે. શક્તિનગર કાવેરી સીરામીક પાછળ મોરબી-૨, હાજીભાઇ ઉમરભાઇ જામ ઉવ.૪૪ રહે. કાંતીનગર માળીયા ફાટક પાસે મોરબી-૨, અકબરભાઇ દાઉદભાઇ ચનાણી ઉવ.૩૩ રહે.કાંતીનગર માળીયા ફાટક પાસે મોરબી-૨ તથા જયંતીભાઇ દેવજીભાઇ શ્રીમાળી ઉવ.૪૫ રહે. શક્તિનગર કાવેરી સીરામીક પાછળ મોરબી-૨ વાળાને રોકડા રૂ.૧૨,૨૭૦/-સાથે ઝડપી લઇ તમામ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોઠારિયાના કારખાનામાં જુગાર રમતા નવ પટેલ વેપારી ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રાવણમાસની શરૂઆત પૂર્વે જ રાજકોટમાં ઠેર ઠેર જુગારના પટ મંડાયા છે.જેમાં પોલીસે બે સ્થળે જુગારના દરોડા પાડયા છે. પ્રથમ દરોડો કોઠારીયામાં આવેલા રામકૃષ્ણ એન્ટરપ્રાઇઝ નામના કારખાનામાં પાડી ૯ પટેલ વેપારીઓને દબોચી ૨૪ હજારની રોકડ કબ્જે કરી છે. અને બીજો દરોડો રૈયા ચોકડીના ઓવર બ્રિજ નીચે ગાંધીગ્રામ પોલીસે પાડી ૭ પતા પ્રેમીઓને પકડ્યા છે.

પ્રથમ દરોડાની માહિતી મુજબ આજીડેમ પોલીસના પીએસઆઈ એ.આર.રાઠોડ અને ટીમે કોઠારીયા શીવ ઇન્ડસ્ટ્રીઝ એરીયા ૨માં આવેલા રામકૃષ્ણ એન્ટરપ્રાઇઝ નામના કારખાનામાં દરોડો પાડી જુગાર રમતા ભાવનીભાઈ ગોળ, નીશાંતભાઈ ઝાલાવાડીયા, રમેશભાઈ ઇસોટીયા, સાગરભાઈ સવાણી, દીનેશભાઈ ગોધવાણી, વૈભવભાઈ અકબરી, યોગેશભાઈ ઇસડીયા, મૂકેશભાઈ ઠુંમર અને શૈલેષભાઈ કોટડીયાને દબોચી રોકડ રૂ.૨૫ હજાર કબ્જે કર્યા છે. બીજો દરોડો ગાંધીગ્રામ પોલીસના હેડ કોન્સ.મસરીભાઈ ભેટારીયાએ ૧૫૦ ફુટ રીંગ રોડ પર રૈયા ચોકડી ઓવર બ્રીજ નીચે પાડી પતા ટીચતા લાખા બોડીયા, સરવનભાઈ પાવર, ભરતભાઈ ધોળકીયા, સુરેશ થાવરાણી, ધીરુ વસા, અરુણ ત્રિવેદી અને સોમાભાઈ સિખરીયાની ધરપકડ કરી રોકડ રૂ.૧૦ હજાર કબ્જે કરી છે.

# જામનગરના હાપા-લાલવાડી વિસ્તારમાં રીક્ષામાંથી ઈંગ્લીશ દારૂની હેરાફેરી પકડાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના હાપા-લાલવાડી વિસ્તારમાંથી પસાર થઈ રહેલી એક રીક્ષામાં ઇંગ્લીશ દારૂની હેરાફેરી પકડાઈ છે, અને ૧૮૦ નંગ ઇંગ્લિશ દારૂની બાટલીના જથ્થા સાથે ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે, જયારે સપ્લાયર નું નામ ખુલ્યું છે.જામનગરના સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફ દ્વારા હાપા માર્કેટિંગ યાર્ડ રોડ પર પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. જે દરમિયાન જીજે ૧૦ ટી. ડબલ્યુ. ૯૯૬૧ નંબરની ઓટો રીક્ષા શંકાસ્પદ હાલતમાં જણાતાં તેને અટકાવીને તલાસી લીધી હતી. જે તલાસી દરમિયાન રિક્ષામાંથી ૧૮૦ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી નો જથ્થો મળી આવ્યો હતો.જેથી પોલીસે રિક્ષા અને ઈંગ્લીશ દારુ સહિત કુલ રૂપિયા ૨,૪૦,૦૦૦ ની માલમતા કબજે કરી લીધી છે. જ્યારે તે રીક્ષા ની અંદર બેઠેલા શાહનવાજ દિલાવર ભાઈ દરજાદા, નજીમ દોસ્તમહમદ દરજાદા અને સાહિલ અલ્તાફભાઈ આરબની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે.જે ત્રણેયને પૂછપરછ દરમિયાન દારૂના સપ્લાયર તરીકે વસીમ યુસુફ દરજાદા નું નામ ખુલ્યું હોવાથી તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# વાંકાનેર બાયપાસ પાસેનો પુલ બેસી જતા તાત્કાલિક પુલનું રીનોવેશન કરવવા મુખ્યમંત્રીને રજુઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર બાયપાસ પાસે આવેલ પુલ તેના મધ્યભાગમાંથી બેસી ગયો હોય જે હાલ માર્ગ મકાન વિભાગ દ્વારા પુલની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આ જોખમી પુલ ઉપર વાહન ની અવર જવર બંધ કરી દેવામાં આવી છે. ત્યારે હાલ મોરબી, જામનગરને જોડતો આ પુલ બંધ થઈ જતા ત્યાંનો સમગ્ર વાહન વ્યવહાર વાંકાનેર સીટીમાંથી શરૂ થયો હોય તેથી વાંકાનેરમાં હાલ ટ્રાફિક સમસ્યા વિકટ બની રહી છે જેથી આ પુલનું તાત્કાલિક રીનોવેશન કરવામાં આવે અને રાતીદેવડીથી જે સિંગલ પટ્ટી રોડ છે તે ડબલ પટ્ટી કરવામાં આવે જેવી અનેક



માંગ સાથેની લેખિત રજુઆત મુખ્યમંત્રીને કરવામાં આવી છે.

વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઇ સોમાણી દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરતો પત્ર લખી જણાવવાયું છે કે વાંકાનેર તાલુકાના રાતીદેવળી ગામ પાસેથી નેશનલ હાઈવેને જોડતા બાયપાસ રોડ પર મચ્છુ નદી પર આવેલ બ્રીજ એકાએક વચ્ચેથી બેસી ગયો છે. આ બ્રીજ અનેક ઉદ્યોગો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જવા માટે એક માત્ર રોડ છે, આ રોડ બંધ થવાથી ત્યાંનો વાહન વ્યવહાર હવેથી વાંકાનેર સિટી વિસ્તારમાંથી અવર જવર કરવી પડશે જેથી સિટી વિસ્તારમાં પણ ટ્રાફીકની સમસ્યા ઘણી વિકટ બનશે. હાલ ભારે વાહનની સિટી વિસ્તારમાંથી અવર જવર બંધ કરેલ છે પરંતુ આ બ્રીજ ડેમેજ થવાથી ના છૂટકે બધો જ ટ્રાફિક સિટી વિસ્તારમાં થશે. આ બાયપાસ રોડ જામનગર ટંકારા મોરબીને જોડતો રોડ હોય આ વિસ્તારમાં અવર જવર કરતા વાહનો પણ વાંકાનેર સિટી વિસ્તારમાંથી પસાર થશે અને સિટીમાં ગંભીર ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડશે આ બાબતના કાયમી ઉકેલ લાવવા માટે રાતીદેવળી ગામથી જે બાયપાસ રોડ બનાવેલ છે તેને જો ડબલ લાઈન કરવામાં આવે અને હાલ જે મચ્છુ નદી પર આવેલ બ્રીજ ડેમેજ થયેલ છે તેનું રીનોવેશન કરવામાં આવે અને બાજુમાં એક નવો બ્રીજ બનાવવામાં આવે તો આ વિસ્તારની ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. હાલ વાંકાનેર વિસ્તારના પ્રશ્નનું કાયમી નિવારણ થાય તે દિશામાં ઝડપી અને યોગ્ય કાર્યવાહી થાય તેવી વિનંતી સાથેની માંગ કરી રજુઆત કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ચોટીલા પાસે કનૈયા હોટલ નજીક કારમાં વિદેશી દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

## એસએમસીની ટીમે દરોડો પાડી ૧૩૩ બોટલ દારૂસહિત રૂ.૫.૩૪ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાલવે પર ચોટીલા નજીક કનૈયા હોટલ પાસે એસએમસીની ટીમે દરોડો પાડી ક્રેટા કારમાં બે શખ્સોની દારૂ-બિયરના જથ્થા સાથે દબોચી લઈ રૂ.૫.૩૪ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો છે.



આ અંગેની માહિતી મુજબ સ્ટેટ મોનિટરીંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરીયાની સુચનાથી પીએસઆઈ ડી.વી.ચીત્રા સહિતના સ્ટાફે રાજકોટ અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે આવેલ કનૈયા હોટલ નજીક દરોડો પાડી ક્રેટા કારમાં કુલદિપ રણજીત ખાચર (રહે.કાંધાસર ગામ) તથા તુષાર રવિ ખોખરીયા (રહે.આટકોટ)નામના બે શખ્સોને દબોચી લઈ કારમાંથી ૧૩૩ બોટલ વિદેશી દારૂ સહિત કુલ રૂ.૫.૩૪ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મંગાવનાર સંજય ભુપત ખાચરની શોધખોળ શરૂ કરી છે.

# રણુજા મંદિર પાસે ૧૦ વર્ષના બાળકનું બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કોઠારીયા મેઇન રોડ પર રણુજા મંદિર પાસે રહેતા ૧૦ વર્ષના બાળકને બે દિવસ ઝાડા-ઉલ્ટી રહ્યા બાદ તેનું હાર્ટ એટેકથી મોત થતાં પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.




આ અંગેની માહિતી મુજબ રણુજા મંદિર પાસે રહેતા અને મજૂરી કામ કરતાં નેમિશભાઈ ધામેચાનો ધો.૪માં અભ્યાસ કરતો પૂર્વાંગ ધામેચાને બે દિવસ ઝાડા ઉલ્ટી હોવાથી પાસેના ક્લિનિકમાંથી પરિવારે દવા લીધી હતી.અને ત્યાં તબીબે ઇન્જેકશન આપી સારવાર આપી હતી. જ્યારે ગઇકાલે તે જમવા બેઠો હતો ત્યારે ઉલ્ટી થતાં તે બેભાન થઈ ને ઢળી પડયો હતો. જેથી પરિવારે ૧૦૮ને જાણ કરતાં ૧૦૮નો સ્ટાફ દોડી આવ્યો હતો. અને તપાસી બાળકને મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત છવાયો છે. આ મામલે પીએમમાં તબીબે બાળકને હાર્ટ એટેક આવ્યાનું પ્રાથમિક તારણ આપ્યું છે.

# રૈયા ગામ, ભાવનગર રોડ અને ન્યુ સીટી મોલની દુકાનમાંથી લાખોની કિંમતનો દારૂ ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચ, ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમ, ગાંધીગ્રામ પોલીસે દરોડા પાડયા : બે કાર સહિત લાખોનો મુદ્દામાલ કબજે કરાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

સાતમ આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે શહેરમાં દારૂનો વેપલો ચલાવતા બુટલેગરો પણ સક્રિય બન્યા છે. ત્યારે ક્રામઈ બ્રાંચ, ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમ અને ગાંધીગ્રામ પોલીસે અલગ-અલગ ત્રણ દરોડા પાડી બે વાહનો સહિત લાખોનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.



પ્રથમ દરોડામાં ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ વિજયરાજસિંહ, વિજયભાઈ મેતા, કુલદિપસિંહ સહિતના સ્ટાફે બાતમીના આધારે રૈયા ગામના સ્મશાન પાસે આવેલ આરએમસીના પંમ્પીંગ સ્ટેશન પાસેથી નંબર વગરની પાર્ક કરેલી ક્રેટા કારમાં ૨૮૮ બોટલ વિદેશી દારૂ રેઢો મળી આવતા પોલીસે રૂ.૩.૩૪ લાખનો મુદ્દામાલ કબજે કરી ક્રેટા કારમાં દારૂનો જથ્થો લાવનાર રૈયા ગામનો ખોડિયારપરામાં રહેતો સેજાદ ઉર્ફે નવાબ સુલતાન જલવાણીની શોધખોળ આદરી છે.


જ્યારે બીજા દરોડામાં ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના કોન્સ્ટેબલ રવિરાજભાઈ, સત્યજીતસિંહ, દિવ્યરાજસિંહ સહિતના સ્ટાફે ભાવનગર રોડ પર આરએમસીની ઓફિસ સામે કોમ્પ્લેક્સના પાર્કિંગમાં કુવાડવા રોડ પર લાતી પ્લોટમાં રહેતો ક્રિપાલસિંહ હિતેનસિંહ સોલંકી નામના શખ્સને ઈકો કાર સાથે દબોચી લઈ કારની તલાશી લેતા અલગ-અલગ બ્રાંડની વિદેશી દારૂ મળી આવતા પોલીસે રૂ.૪.૬૨ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મોકલાવનાર દુધ સાગર રોડનો બુટલેગર હનિફ હુસેન મઘરાની શોધખોળ શરૂ કરી છે.

જ્યારે ત્રીજા દરોડામાં ગાંધીગ્રામ પોલીસના પીએસઆઈ એસ.એલ.ગોહિલ કોન્સ્ટેબલ મુકેશભાઈ સબાર સહિતના સ્ટાફે ૧૫૦ રીંગ રોડ પર મારૂતિ સર્વિસ સ્ટેશન સામે ન્યુ સીટી મોલ દુકાન નં.૮માં દરોડો પાડી અલગ-અલગ બ્રાંડની ૧૭૮૮ બોટલ કિંમત રૂ.૫.૧૦ લાખનો દારૂનો જથ્થો કબજે કરી હાજર નહીં મળી આવેલ દુકાનનો માલીક હિરેન જેન્તી પાનસુરીયા અને રાજ ઉર્ફે રજની ચંન્પ્રકાશ કોટાઈ નામના બંને શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# ઉપલેટામાં ૧૩૦ બોટલ દારૂ સાથે બે સગાભાઈઓની ધરપકડ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટાના દરબાર ગઢ ચોક વિસ્તારની કંડોળીયા શેરી પાસે માંથી એક નંગ ઈંગ્લીશ દારૂની બોટલ સાથે એક વ્યક્તિને ઝડપી લીધો હતો જ્યારે અન્ય એક બાબતમાં ઉપલેટા શહેરના દ્વારકાધીશ સોસાયટી માંથી ૧૩૦ નંગ દારૂની બોટલ સાથે બે સગા ભાઈઓને ઝડપી લીધા હોવાનું સામે આવ્યું છે. ઉપલેટા પોલીસ પેટ્રોલિગમાં હતી ત્યારે ઉપલેટાના દરબાર ગઢ ચોક વિસ્તારની કંડોળીયા શેરી માંથી એક નંગ ઈંગ્લીશ દારૂની બોટલ સાથે રવી મનસુખભાઈ સરવૈયા નામના યુવકને રૂપિયા ૩૭૫/- ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો જે બાદ તેમની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બાદ ઉપલેટા પોલીસ સ્ટાફ ખાનગી વાહનમાં પેટ્રોલિગ કરી રહ્યા હતા તે દરમિયાન ઉપલેટાના ખાખીજાળીયા રોડ પર પહોંચતા બાતમી મળી હતી ત્યારે બાતમીના આધારે ઉપલેટા શહેરના દ્વારકાધીશ સોસાયટીમાં આવેલ વાછરા ડાડાના મંદિર પાસેના



રહેણાક મકાનમાં રેડ કરતા ઈંગ્લીશ દારૂની કુલ ૧૩૦ બોટલ મળી આવતા મોનિક રાજેન્દ્રભાઈ વ્યાસ તેમજ કારણ રાજેન્દ્રભાઈ વ્યાસ નામના બે સગા ભાઈઓને ૧૩૦ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો જેની કિંમત રૂપિયા ૪૮,૭૫૦/- તેમજ બે મોબાઈલ ફોન જેની કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૮,૭૫૦/- ના મુદ્દામાલ કબ્જે કરેલ છે અને બન્ને સગા ભાઈઓ સામે ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી અને તપાસ શરૂ કરી છે.

# રૂ.૧૧.૧૭ લાખની લોન નહીં ભરી બે શખ્સોએ ટ્રક બારોબાર વેંચી નાખ્યો

## છ લાખની કાર રૂપિયા ત્રણ લાખ આપી શખ્સે ખોટા કાગળોના આધારે નામે કરાવી લીધી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગ્રીન લેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટીમાં રહેતા યુવાન પાસેથી ટ્રક ખરીદ ર્ક્યા બાદ બે શખ્સોએ લોનની ભરપાઈ નહીં કરી રૂ.૧૧.૧૭ લાખની ઠગાઈ કરી ટ્રક બારોબાર વેંચી દેતા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ગ્રીન લેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટીમાં રહેતો સુરજ રસિકભાઈ ડાંગર નામના યુવાને બી.ડિવિઝન પોલીસમાં કાલાવડ રોડ પર મોટામોવા ગામે રહેતો ભરત દેવા કુછડીયા અને તાલાળાના ગુંદરણ ગામે રહેતો લખન કાનજી નાઘેરા અને દુધ સાગર રોડ પર હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતો રસિમ ઉર્ફે બચ્ચો બસિર શમા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ઉપરોક્ત ભરત અને લખને યુવાન પાસેથી ટ્રક નં.જીજેડ બીવાય ૬૨૭૦ નંબરનો ખરીદ કરી ટ્રકની બાકી લોન રૂ.૧૧.૧૭ લાખ ભરવાનું વચન આપી લખાણ કરી આ બંને શખ્સોએ ટ્રક બારોબાર માલીકને જાણ બહાર વસીમ ઉર્ફે બચ્ચાને વેંચી દઈ છેતરપિંડી કરતા ફરિયાદ નોંધાઈ છે. બનાવના પગલે પીએસઆઈ કે.ડી.મારૂએ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં જલારામ સોસાયટીમાં યુનિવર્સિટી રોડ પર રહેતો સંજય રમણિકભાઈ કણજારા પાસેથી ભરત દેવા કુછડીયા (રહે.કાલાવડ રોડ નાનામવા પ્રગતિ સ્કૂલ પાસે)એ વોકાર્ડ હોસ્પિટલ પાછળ યુનિવર્સિટી રોડ પર યુવાન પાસેથી રૂપિયા છ લાખમાં કાર ખરીદ કરી હતી. અને રૂપિયા ત્રણ લાખ આપિયા હતા બાદમાં આ શખ્સે કાર માલીકનું ખોટુ આધાર કાર્ડ બનાવી યુવાનને કારના બાકીના રૂપિયા ત્રણ લાખ નહીં આપી આરટીઓમાં બોગસ કાગળોના આધારે પોતાના નામે કરાવી લઈ કાર બીજાને વેંચી દઈ ઠગાઈ કરી હોવાની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઈ બાદ હેડ કોન્સ્ટેબલ મસરીભાઈએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ચોટીલામાં બહેન પર જીવલેણ હુમલો કરનાર ભાઈ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલા મફતિયાપરા વિસ્તારમાં બહેનને છરી હુલાવી ગંભીર ઈજા પહોંચાડનાર ભાઈની પોલીસે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ ચોટીલા મફતિયાપરા વિસ્તારમાં ગત તા.૨૪ના સણોસરા ગામના ગુલાબબેન વિજયભાઈ ઝાપડીયા તેમના પરીવાર સાથે ચોટીલા ખાતે રહેતા તેમના ભાઈ અશ્વિનભાઈ ઉર્ફે મુંજો ભનુભાઇ કટેશીયાની પત્નિ નિલોફર ઉર્ફે નિલુબેનની ખબર પુછવા આવેલ હોય તે વખતે અશ્વિનભાઈ તથા તેની પત્નિ નિલોફર ઉર્ફે નિલુબેન વચ્ચે



બોલાચાલી થયેક જે ઝઘડો શાંત પાડવા અશ્વિનભાઈની સગી - બહેન ગુલાબબેન વચ્ચે પડી સમજાવટ કરતા હતા તે વખતે સગો ભાઈ અશ્વિને ઘરમાંથી છરી કાઢી સગી બહેન ઉપર છરી વડે હુમલો કરી પેટના ભાગે છરી મારી ગંભીર ઈજા પહોંચાડી ભાઈ ફરાર થઈ ગયેલ હતો. આરોપીને શોધવા પોલીસ પ્રયાસ - કરી રહેલ તે દરમ્યાન ડુંગર નજીકના વિસ્તારમાં આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે હોવાની માહિતી મળતા પીઆઈ આઈ. બી. વલવી તથા સ્ટાફે આરોપીની ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# એસઓજીએ ચેકિંગ હાથ ધરતા સ્પાના સંચાલકો ઝપટે ચડયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ચાલતા સ્પા અને મસાજ પાર્લરોમાં એસઓજીના પીઆઈ જે.એમ.કૈલાની સુચનાથી અલગ-અલગ ટીમો બનાવી ચેકિંગ હાથ ધરવામાં આવતા એનવાયએક્સ વેલનેસ ફેમેલી સ્પાના સંચાલક કૌશિક રમણીક વાઘેલા, ઓરી વેલનેસ સ્પાના સંચાલક યશ મહેશ ધાંગધરીયા, ગંગા સ્પાના સંચાલક આદિત્ય જગદીશ કારેલીયા, ધ વેલકમ



વેલનેસ સ્પાના સંચાલક વિશાલ નરેન્મહેતા સેવન ડે સ્પાના સંચાલક ગંગારામ રાજુ ઠાકુર, ત્રૃ વેલનેસ સ્પાના સંચાલક રમેશ વિહા કોહલા સહિત છ સ્પાના સંચાલકો પોલીસની ઝપટે ચડયા હતા ચેકિંગ દરમિયાન સ્પાના સંચાલકોએ બહારથી મસાજ પાર્લરમાં કામ કરવા આવતી પર પ્રાંતિય યુવતીઓની માહિતી પોલીસને આપી ન હોય અને વેરીફિકેશન ન કરાવ્યું હોય જેથી જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરાવમાં આવી હતી.

# જેતપુરમાં કલરના વેપારીને ત્રાસ આપતા બે વ્યાજખોરો સામે ફરિયાદ

## ગીરવે મુકેલા સોના પર વ્યાજખોરોએ લોન લઈ બમણી રકમ ઉપાડી લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરના કલરના વેપારીને ત્રાસ આપતા રબારીકાના બે વ્યાજખોર સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે.વેપારીએ ધંધા માટે વ્યાજે નાણાં લીધા હોય જેઓ પઠાણી ઉઘરાણી કરી તેઓનું ગીરવે મૂકેલું સોનું ભૂલી જવાનું કહી મારી નાખવાની ધમકીઓ આપતા ગુનો નોંધાયો છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ બિહારના વતની અને છેલ્લા ૨૮ વર્ષથી જેતપુરમાં અમરનગર રોડ પર સ્વામિનારાયણનગરમાં રહેતા સત્યેન્દ્રસિંગ ઉર્ફે સિકદર બુધનસિંગ કુશવાહ (ઉ.વ ૪૦) દ્વારા જેતપુર સિટી પોલીસ સ્ટેશન નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેતપુરના રબારીકામાં રહેતા અશોક કાઠી અને વનરાજ બટુક વાળાનું નામ આપતા જણાવ્યું હતું. કે, તેઓ પાસે ગેરકાયદેસર ઉંચા દરે વ્યાજ તથા મુદ્દલ રકમની ઉઘરાણી કરતા અશોક કાઠી સહિત ચાર શખ્સો વિરૂધ્ધ સપ્તાહ પૂર્વે ફરિયાદ નોંધાવી હતી.જેમાં આરોપી અશોકભાઈ કાઠીએ બીજા આરોપી વનરાજભાઈ બટુકભાઈ વાળા સાથે જે તે સમયે મુલાકાત કરાવી હતી. ત્યારે ફરિયાદીને પૈસાની જરૂરીયાત હોવાથી વનરાજ પાસેથી રૂ.૩,૫૦,૦૦૦ ઉંચા વ્યાજના દરે લીધા હતા. અને તેમની સામે વેપારીએ એટલી જ રકમના સોનાના ઘરેણાં ગીરવે મૂક્યા હતા.અને બાદમાં વેપારી સોનાના પૈસા આપી સોના ઘરેણાં પરત લેવા જતાં તેમને જાણવા મળ્યું હતું કે,બંને વ્યાજખોરોએ તેમના સોના પર લોન કરાવી તે જ પૈસા બમણા વ્યાજે વેપારીને આપ્યા હતા.વેપારીએ સોનું પરત માંગતા બંને શખ્સોએ મારી નાખવાની ધમકીઓ આપતા જેતપુર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# ઈન્દીરા સર્કલ પાસે મિત્રના ઝઘડામાં પડેલા યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈન્દિરા સર્કલ પાસે મિત્રના ઝઘડામાં વચ્ચે પડેલાયુવાનને ત્રણ શખ્સોએ ઢીકાપાટુનો મારમારી છરી વડે કાન કાપી નાખતા ઘવાયેલા યુવાનને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે ત્રણ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. બનાવની વધુ વિગતો અનુસાર રૈયા રોડ નહેરૂનગરમાં રહેતા શહેબાજભાઈ સલીમભાઈ જુણેજા (ઉ.વ.૩૪)એ ફરિયાદમાં સાગર નારણભાઈ, જય પ્રદિપભાઈ નિમાવત અને શુભમ વિજયભાઈનું નામ આપતા તેમની સામે ગુનો નોંધાયો હતો. શહેબાજએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે ઈન્દિરા સર્કલ પાસે હતો ત્યારે મિત્ર અફતાબ જૂનાણી સાથે બીજા એક્સેસ ચાલક સાગર તેમની મિત્રો જય નિમાવત અને શુભમે માથાકુટ કરી હતી જેથી શહેબાજ તેમને બચાવવા વચ્ચે પડતા આરોપીી શહેબાઝ સાથે ઝઘડો કરવા લાગ્યા હતા અને તેમને ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ સાગરે છરી ઝીંકતા ડાબો કાન કપાઈ ગયો હતો તેમજ માથામાં ઈજા થઈ હતી. શહેબાઝે આરોપીની એક્ટિવાની ચાવી કાઢી લેતા આરોપી ત્યાંથી જાનથી મારી નાખવાની ધણકી આપીનાસી ગયા હતા અને સહેબાઝને સારવારમાં ખસેડાયો હતો. આ બનાવ અંગે લોહીલુહાણ હાલતમાં તુરંત ઈમરજન્સી વોર્ડમાં લઈ જઈ તબીબોએ શાહબાજની સારવાર કરી હતી.



# શાપર-વેરાવળમાં ૭૬ હજારના દારૂ સાથે ત્રણ વેપારીઓની ધરપકડ

## લોધિકાના પીપળીયા પાળ ગામે જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપળ-વેરાવળમાં આવેલ સરદાર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં વિદેશી દારૂ ભરેલી કાર સાથે ત્રણ વેપારીઓની પોલીસે ધરપકડ કરી છે.

પોલીસમાં મળતી માહિતી મુજબ શાપર-વેરાવળ પોલીસના પીએસઆઈ જી.બી.જાડેજા તથા હેડ કોન્સ્ટેલ તુષારસિંહ સહિતના સ્ટાફે શાપર મેઈન રોડ પર આવેલ સરદાર ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાના સામે ડી.આર.સ્ટીલ નામના શેડમાં દરોડો પાડતા ફીગો કાર નં.જીજે૧૦ બીજી૫૨૩૩માં વિદેશી દારૂની ૩૦૯ સાથે ભાર્ગવ ભરત વાછાણી, ભૌતિક અમૃત કથીરીયા અને કુશીલ હરેશ કથીરીયા સહિત ત્રણ વેપારીઓની ધરપકડ કરી રૂ.૨.૨૬ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો હતો.

જ્યારે લોધિકા પોલિસના હેડ કોન્સ્ટેબલ જી.એમ.ધાંધલ સહિતના સ્ટાફે પીપળીયા પાળ ગામ આદર્શ રેસીડેન્સી પાસે જાહેર જુગાર રમતો વિજય મેણાંદ વાઢેર, હરેશ ઉર્ફે સાગર ભીખા ચાવડા, અભિષેક જીતુ ગુદાણીયા, મનોજ કાંતિ ટીટીયા, જયેશ લક્ષ્મણ રાઠોડ સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૧૦,૭૦૦નો મુદ્દામાલ કબજે ર્ક્યો હતો.

# ખોખડદડ નદીમાં ડુબી જતા ૧૩ વર્ષના તરૂણનું મોતઃ પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા શિવમનગરમાં રહેતા શ્રમિક પરિવારનો ૧૩ વર્ષનો તરુણ પાડોશમાં રહેતા બાળમિત્રો સાથે ખોખડદડ ગામે આવેલી નદીમાં ન્હાવા પડયો હતો. ત્યારે તરુણનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. તરુણના મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા વિસ્તારમાં આવેલા શિવમનગરમાં રહેતા શ્રમિક પરિવારનો આકાશ બાબુરામ ગોતામ નામનો ૧૩ વર્ષનો તરણ બપોરના દોઢેક વાગ્યાના અરસામાં પાડોશમાં રહેતા નવ વર્ષના મિત્ર સાથે ખોખડદડ ગામે આવેલી નદીમાં નાહવા ગયો હતો તે દરમિયાન આકાશ ગોતામ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા ડૂબવા લાગ્યો હતો. જે અંગે સાથે ગયેલો બાળમિત્રએ ઘરે દોડી જઈ પરિવારજનોને જાણ કરી હતી. જાણ થતા પરિવારજનો, ફાયર બ્રિગેડનો સ્ટાફ અને આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. અને ફાયર બ્રિગેડના સ્ટાફે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલા તરુણની શોધખોળ હાથ ધરતા તરુણનો મૃતદેહ હાથ લાગ્યો હતો ખોખરદડ નદીમાં ડૂબી જવાથી તરુણનું મોત નીપજતા પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક આકાશ ગોતામનો પરિવાર મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે અને હાલ શિવમનગરમાં રહી મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને મૃતક આકાશ ગોતામ બે ભાઈમાં નાનો હતો અને પાડોશમાં રહેતા નવ વર્ષના બાળ મિત્ર સાથે નદીમાં ન્હાવા પડતા ડૂબી જવાથી મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ડી.જે. જાડેજા અને રાઇટર રણજીતભાઈ સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# સોરઠીયા પ્લોટમાં સસરાના ઘરે પૂર્વ જમાઈએ વાહનોમાં તોડફોડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રામનાથ પરા વિસ્તારમાં આવેલ જિલ્લા ગાર્ડન ચોકમાં રહેતા આધેડને ત્યાં તેના પૂર્વ જમાઈએ જૂના મનદઃખનો ખાર રાખી ત્રણ વાહનોમાં તોડફોડ કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

જિલ્લા ગાર્ડન ચોકમાં સોરઠિયાવાડી પ્લોટ શેરી નંબર-૫માં રહેતા ભરતભાઈ રમજીભાઈ ખીમસૂરિયાએ આરોપીમાં તેના પૂર્વ જમાઈ મહાવીર સરવૈયાનું નામ આપી એ ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. જેમાં મહાવીરના દોઢ વર્ષ પૂર્વે તેમની વનિતા નામની પુત્રી સાથે લગ્ન થયા હતા. બાદમાં બંનેને મન મેળ ન થતાં છૂટાછેડા લઇ લીધા હતા. જેનો ખાર રાખી મહાવીર ગત તા.૧/૭ના તેમના ઘરે છરી સાથે ઘસી આવ્યો હતો. અને પરિવારને ધમકીઓ આપી હતી.બાદ ફરી તા.૨૩/૭ના ઘસી આવ્યો હતો. અને આધેડ તથા તેમના ભાઈ અને પાડોશીના બહાર પડેલા કુલ ત્રણ વાહનમાં તોડફોડ કરી નાશી ગયો હોવાની ફરીયાદ નોંધાવતા જેથી પોલીસે આ મામલે મહાવીર સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથધરી છે.

# સાસરીયાના ત્રાસથી કંટાળી મહિલા આપઘાત કરવા ઘરેથી નીકળી ગઈ

## ૧૮૧ અભયમની ટીમે વ્હારે આવી મહિલાનો જીવ બચાવી પરિવાર સાથે મિલન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન માં જાગૃત નાગરિક દ્વારા કોલ કરવામાં આવેલ કે એક અજાણી મહિલા લખધીર પર ગામ પાસે એક કંપની બહાર છેલ્લા નવ કલાકથી એક જગ્યાએ બેઠા છે તેઓ ખૂબ જ રડે છે અને ખૂબ જ ગભરાયેલી હાલતમાં છે તેમજ મહિલા કાંઈ બોલતા નથી ત્યાંના લોકોએ ખૂબ જ પુછપરછ કરી હતી અને તેઓ ખૂબ જ ચિંતામાં છે તેમની મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ની જરૂર છે.

જેના પગલે ૧૮૧ ના કાઉન્સેલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ દક્ષાબેન પરમાર તેમજ પાયલોટ જીગરભાઈ શેરઠીયા ઘટના સ્થળે મહિલા ની મદદ માટે પહોંચ્યા હતા મહિલા ને ત્યાંના




લોકોએ બેનને જમાડ્યા હતા અને સુરક્ષિત રીતે બેસાડેલા હતા.સૌપ્રથમ મહિલા ને સાંત્વના આપવામા આવી તેમજ ૧૮૧ ટીમ દ્વારા મહિલા સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો.

ત્યારબાદ મહિલા નું કાઉન્સિલીગ કરતા તેમણે જણાવ્યું કે મહિલા તેના પતિ, સાસુ અને સસરા સહિત ના પરિવાર સાથે રહે છે મહિલા ના લવ મેરેજ થયેલા હોવાથી તેમના માતા પિતા સાથે સંબંધ ન હોય મહિલાએ તેમના પતિ પાસે મહિલા ના માતા પિતા સાથે ફોનમાં વાત કરવા માટે ફોન માંગેલ તો પતિ એ ફોન આપવાની ના પાડી અને મહિલા સાથે મારઝૂડ કરતાં હોય અને બેન સાથે દારૂ પીને અયોગ્ય વર્તન કરતાં હોય તેમજ ઘરમાં બધા જ સભ્યો નાની -નાની વાતે માનસિક રીતે ત્રાસ આપતા હોય મેતજ લવ મેરેજ બાબતે સાસુ સસરા મહિલા ને વારંવાર મેળા-ટોળા મારતાં હોય માટે મહિલા આવા અનેક પ્રશ્નો થી કંટાળીને કોઈ ને પણ જાણ કયો વિના ચાલતાં ચાલતાં એક કંપની પાસે પહોંચ્યા હતા અને આપઘાત ના વિચારો કરતાં હતાં મહિલા આવા અનેક પ્રશ્નો થી મુંઝાયેલા હતા ત્યારબાદ ૧૮૧ ટીમે મહિલા ને આશ્વાસન આપવામાં આવેલ તેમજ આવી રીતના ક્યારેય પણ આપઘાત ન કરવા અને ઘરેથી ન નીકળવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવી.

ત્યારબાદ તેમના સાસરી પક્ષનુ સરનામું પુછેલ અને તેમનો કોન્ટેક્ટ નંબર મેળવેલ તેમજ ચોક્કસ માહિતી મેળવવા માટે આધાર પુરાવા માંગેલ પુરાવા યોગ્ય લાગતા પતિ સાથે વાતચીત કરી અને તેમની કંપની માં ગયેલા પરંતુ તેમના પતિ, સાસુ અને સસરા તેમનો સામાન લઈ ને કંપની માંથી નીકળી ગયા હતા.

ત્યારબાદ મહિલા ના માતા પિતા નો કોન્ટેક્ટ નંબર મેળવી અને તેમની સાથે વાતચીત કરી વાતચીત કરતા જણાવ્યું હતું કે હાલ બેનના માતા પિતા બિહાર હોય પરંતુ તેમના કાકા કાકી વાંકાનેર એક કંપની માં કામ કરતા હોય તેમનો કોન્ટેક્ટ નંબર મેળવી અને વાતચીત કરી અને આધાર પુરાવા માંગેલ પુરાવા યોગ્ય લાગતા કંપની નું સરનામું પુછેલ અને તેમના ઘરે ગયેલા ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા મહિલા ને સલાહ, સુચન અને માગેદશેન આપેલ તેમજ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપી.

આમ મહિલા એ જીવનમાં ક્યારેય પણ આપઘાત નો વિચાર નહિ કરે અને ક્યારેક આવી રીતના ઘરની બહાર નહીં નીકળવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો અને મહિલા ના કાકા કાકી ને મહિલા નું ધ્યાન રાખવા જણાવેલ. મહિલા તેમના કાકા કાકી સાથે રાજી ખુશીથી રહેવા જણાવેલ.જેને લઈ તેમના પરિવાર જનોએ ટીમ નો આભાર વ્યક્ત કર્યો.